(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા બેંકની આજે ચૂંટણી યોજાઇ હતી. જેમાં હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્ર ચાવડા, પૂર્વ ગૃહ મંત્રી -ફુલભાઇ પટેલ, સંઘના ચેરમેન ખેમાભાઇ પટેલ સહિત ૩૭ ઉમેદવારોનું ભાવી મતપેટીમાં સીલ થયું છે. સોમવારે મતગણતરી હાથ ધરાશે. હિંમતનગર બહુમાણી ભવન ખાતે યોજાયેલ સાબરકાંઠા બેંકની ચૂંટણીનું સંચાલન કલેકટર બંછાનિધિ પાની સીધી દેખરેખ હેઠળ -ાન્ત અધિકારી એમ.કે. વ્યાસ, મામલતદાર પથિક પટેલ, ના. મામલતદાર દેવેશ પટેલ, ગીરીશભાઇ પરમાર સહિત કર્મચારીઓએ કર્યુ હતુ.

ડીસા પાલિકામાં કોંગ્રેસ સત્તારૂઢ

કોંગ્રેસનાં કેલાસબેન શાહ પ્રમુખ, ઉપપ્રમુખ પદે ગીરીશ પટેલ

ડીસા, તા. ૧૮

ડીસા નગરપાલિકાની આજરોજ યોજાયેલી -મુખ અને ઉપ-મુખની ચુંટણીમાં પોતાના જ મેન્ડેડ પરથી ચુટાયેલા ભાજપી સદસ્યો ભાજપ સામે મેદાને પડતા ભાજપે સત્તા ગુમાવી હતી. કેમકે, કોંગ્રેસ અને અપક્ષ યુતિ દ્વારા ગત ૨૪ સપ્ટેમ્બર ૨૦૧૪નાં રોજ રજુ થયેલી અવિશ્વાસની દરખાસ્ત ૨૬ સમર્થનમાં ૨૭ સદસ્યોએ આંગળી ઉંચી કરી મત આપતા પાલિકા કોન્ગ્રેસ્સ સદસ્ય કેલાશબેન શાહ -મુખ પદે ચુંટાઇ આવતા કોન્ગ્રેસ્સમાં ખુશી જયારે ભાજપમાં સન્નાટો છવાયો છે, જયારે ૯ ભાજપી સભ્યો એકલા અટુલા વિરોધપક્ષની ભૂમિકામાં આવેલ છે.

ડીસામાં ૧૬ જેટલા સદસ્યો સાથે મજબુત સ્તીથીમાં રહેલા વિરુદ્ધ ૯ મતથી પસાર થઇ હતી. જેથી બીજી અઢી વર્ષની ટર્મમાં અધવચ્ચે જ ભાજપ -મુખ ડો. તેજલબેને સત્તા ગુમાવી હતી. જેમાં આજ રોજ ડીસા નગરપાલિકામાં -મુખ અને ઉપ-મુખની યોજાયેલી ચુંટણીમાં કોન્ગ્રેસ્સનાં પૂર્વ પાલિકા -મુખ વિપુલ શાહના ધર્મપત્નીનાં ભાજપે આશરે ૨૪ દિવસ અગાઉ ડીસા નગરપાલિકામાંથી સત્તા ગુમાવી છે. ભાજપમાં ખુદના જ સાત જેટલા સદસ્યો બળવાખોર બન્યા છે અને ખુલ્લેઆમ ભાજપ સામે મેદાને પડ્યા છે. જેથી ભાજપ પાસે ૧૬ માંથી પોતાના કહી શકાય તેવા માત્ર ૯ સભ્યો બચ્યા છે, જયારે ૧૬ અપક્ષ સભ્યો કોન્ગ્રેસ્સના સમર્થનમાં જોડાયા છે આ તમામ વિપરીત સંજોગોમાં આજરોજ કોન્ગ્રેસ્સે પોતાના માત્ર ચાર સદસ્યો અને અપક્ષો થકી ભાજપનાં તમામ મનસુબા, રાજકીય ગણિત, અને તાકાતને મુહતોડ જવાબ આપી તેમની પાસેથી સત્તા છીનવી લઇ ડીસા નગરપાલિકામાં કોન્ગ્રેસની સર્વોપરિતા સાબિત કરતા દેશમાં મોટા ઉપાડે સહુનો સાથ અને સહુના વિકાસની વાતો કરતા ભાજપને -થમ ડીસા વિધાનસભા સીટ અને આજે પાલિકા ગુમાવવાનો વારો આવેલ છે. આજે ડીસાના નાયબ કલેકટર દિગંત બર્મભટ્ટની અધ્યક્ષતા એ આજે યોજાયેલી -મુખ અને ઉપ-મુખની ચુંટણીમાં કોન્ગ્રેસના સમર્થનમાં અપક્ષ જોડાતા કોન્ગ્રેસ-અપક્ષ યુતિનાં ગઠબંધનથી જરૂરી ૧૯ સભ્યોની જગ્યાએ કોન્ગ્રેસ સમર્થનમાં ૨૭ સભ્યો જોડાયા હતા. જયારે સમાપક્ષે ભાજપનાં ૭ સભ્યો પણ કોન્ગ્રેસ સમર્થનમાં જોડાતા ભાજપનો કરુણ રકાસ થયો હતો, આમ, સંખ્યાબળ કરતા પણ વધુ સભ્યો આંગળી ઉંચી કરતા કોન્ગ્રેસનાં કેલાશબેન શાહ -મુખ પદે જયારે ઉપ-મુખ પદે ગીરીશભાઈ પટેલ ચુંટાઇ આવ્યા હતા. આમ, ટૂંકા ગાળા માં ભાજપે -થમ ડીસા વિધાનસભા અને તે બાદ ડીસા પાલિકામાંથી પણ સત્તા ગુમાવતા ડીસામાં ભાજપનો કરુણ રકાસ થયો છે, અને જાણે કોન્ગ્રેસ થતી હોય તે રીતે ડીસા વિધાનસભામાં કોન્ગ્રેસનાં ગોવાભાઈ દેસાઈનાં વિજય બાદ ડીસા નગરપાલિકામાં પણ કોન્ગ્રેસ્સનાં કેલાશબેન સત્તારૂઢ થતા કોન્ગ્રેસમાં અ બે વિજયથી નવા -ાણ ફૂંકાયા છે, કોન્ગ્રેસનાં પૂર્વ પાલિકા -મુખ વિપુલ શાહે આ વિજયને ન્યાય સાથે લોકોનો વિજય ગણાવ્યો હતો. નગરપાલિકા ડીસાની આ ચુંટણી -ક્રિયામાં નાયબ કલેકટર દિગંત બ્રમભટ્ટ જીલ્લા કલેકટરનાં આદેશે સરકારી -તિનિધિ તરીકે હાજર રજ્ઞા હતા. કોંગ્રેસનાં કેલાશબેન શાહ -મુખ પદે, ગીરીશભાઈ પટેલ ઉપ-મુખ પદે ૨૭ વિરુદ્ધ ૯ મતથી વિજેતા જાહેર થયા હોવાનું જણાવ્યું હતું.

(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

સિપોર કેળવણી મંડળ દ્વારા બૃહદ સ્નેહ સેતુ સમારોહનું આયોજન કરાયું

સમારોહ દરમ્યાન કોમ્યુનિટી હોલનું ખાતમુહૂર્ત પણ કરાશે : અલગ અલગ ક્ષેત્રોમાં સમર્પિત વિશિષ્ટ દિલેર પ્રતિભાઓને એકત્ર કરાશે

સિપોર, તા. ૧૮

વડનગર તાલુકાના સિપોરના કેળવણી મંડળ દ્વારા તા. ૨૬મી ઓક્ટોબર રવિવારે બૃહદ સ્નેહ-સેતુ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં સાંસ્કૃતિક કાર્યક્રમ અને પ્રવચનો ઉપરાંત સંસ્થાની પ્રગતિ માટે ખુલ્લી ચર્ચા બેઠકનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં પાટણના પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોર અને પૂર્વ રાજ્યસભા સાંસદ નટુજીભાઈ ઠાકોરના હસ્તે કોમ્યુનિટી હોલનું ખાત મુહૂર્ત પણ કરવામાં આવનાર છે. આ સમારંભનું ઉદ્ઘાટન પાટણના વર્તમાન સાંસદ લીલાધરભાઈ વાઘેલા કરશે.

સિપોર કેળવણી મંડળની વર્ષ ૧૯૫૬માં સ્થાપના કરવામાં આવી હતી. ત્યારથી આ સંસ્થા દ્વારા જ્ઞાનદીપ રૂપે શિક્ષણના અજવાળા પાથરવામાં આવી રહ્યાં છે. આ કેળવણી મંડળ દ્વારા અલગ-અલગ ક્ષેત્રોમાં સમર્પિત વિશિષ્ટ અને દિલેર પ્રતિભાઓને એકત્રિત કરવાના હેતુથી આ બૃહદ સ્નેહ-સેતુ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં કોમ્યુનિટી હોલનું ખાત મુહૂર્ત પણ કરવામાં આવશે. સમારોહમાં સાંસ્કૃતિક કાર્યક્રમો અને પ્રવચનોનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સંસ્થાની પ્રગતિ માટે ખુલ્લી ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર છે.

આ કાર્યક્રમ તા. ૨૬મી ઓક્ટોબરે સવારે ૯ થી સાંજના પ વાગ્યા દરમિયાન એસ.એમ. ઉપાધ્યાય આદર્શ વિદ્યાલય ખાતે યોજાશે. આ સમારંભમાં સમૂહ ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

હિંમતનગરમાં નગરપાલિકા વિસ્તારના તમામ વોર્ડમાં સ્વચ્છતા અભિયાનની ઝૂંબેશ તેજ બનાવાયી

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નગરપાલિકા વિસ્તારના તમામ વોર્ડમાં મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન હેઠળ આજે સાબરકાંઠાના વર્ગ-૧ અને ૨ના અધિકારીઓની ૧૨ જેટલી ટીમો દ્વારા હિંમતનગર શહેરની વિવિધ સોસાયટીઓ તથા બજાર વિસ્તારમાં સ્વચ્છા જાગૃતિ માટે અભિયાન તેજ બનાવ્યું હતું.

તદનુસાર જિલ્લા કલેકટર બછાંનિધિ પાનીએ મોતીપુરા સર્કલ ખાતે અને જિલ્લા પંચાયત વિસ્તારમાંથી જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન તેમજ જિલ્લાના ઉચ્ચ અધિકારીઓની લીડરશીપમાં ૧૨ જેટલી ટીમોએ શહેરના તમામ વોર્ડના કોર્મશિયલ વિસ્તાર અને રહેણાંક વિસ્તારમાં મહાત્મા ગાંધી સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત સ્વચ્છતા અંગે જરૂરી સૂચનો, માર્ગદર્શન આપી ડસ્ટર બિનનો ઉપયોગ કરવા સમજ આપી હતી. અને જયાં જયાં કચરો તેમજ ગંદકી હતી તેવી જગ્યાઓનું સ્થાનિક શહેરીજનોની સહાયથી સાફ સફાઇ કરાઇ હતી.

આ અભિયાન દરમિયાન નગરપાલિકા વિસ્તારમાં ડસ્ટબીનના રૂ. ૩૫૨૬૦ અને વહીવટી ચાર્જ રૂ. ૧૭૯૫૦ મળી કુલ ૫૩૨૧૦ની વસુલાત કરવામાં આવી હતી. જયારે ૪૦ માઇક્રોથી નીચેનું ૨૬ કિલો પ્લાસ્ટીક જપ્ત કરવામાં આયું હતું. આ અભિયાન દરમિયાન સ્વચ્છતા કેળવવા અપીલ કરાઇ હતી.

અરવલ્લી જિલ્લામાં પોલીસ અધિકારીઓની બદલીઓ કરાઈ

મોડાસા, તા.૧૮

અરવલ્લી જિલ્લાના પોલીસ અધિકારીઓની તાત્કાલીક ધોરણે બદલીઓ કરવામાં આવી છે અને બદલી પામેલ અધિકારીઓને તાત્કાલિક છુટા થઈ બદલી વાળા પોલીસ સ્ટેશને ચાર્જ સંભાળવા જિલ્લા પોલીસ અધિક્ષક મયુર ચાવડા દ્વારા હુકમો કરાયા છે.

બદલી પામેલ પોલીસ અધિકારીઓમાં મેઘરજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.ટી.ઉદાવતની ભિલોડા પોલીસ સ્ટેશન ખાતે, ભિલોડા પોલીસ સ્ટેશનના પીએસઆઈ પી.એસ. પરમારને જિલ્લા ટ્રાફિક શાખામાં એલઆઈબી શાખામાં ઈન્ચાર્જ તરીકે અને બાયડ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ.પી. ઝાલાની મોડાસા ખાતે જિલ્લા પોલીસ અધિક્ષકની કચેરીમાં રીડર શાખામાં બદલી કરવામાં આવી છે. આ ઉપરાંત લીવ રીઝર્વ પીએસઆઈ વી.એલ. પટેલની બાયડ પોલીસ સ્ટેશનમાં અને આર.ડી. સગરની મેઘરજ પોલીસ સ્ટેશનમાં નિમણુંક કરવામાં આવી છે. તમામ બદલીઓ જાહેર હિતમાં તાત્કાલિક અસરથી કરવામાં આવી છે.

પ્રાંતિજના એપ્રોચ રોડ પર રાત્રીના સમયે ટ્રકચાલકોની બેફામ ગતિથી ભયનો માહોલ

શહેરી રહેણાંક વિસ્તાર હોવા છતાં એક પણ સ્પીડબ્રેકર ના હોવાથી લોડીંગ વાહન ચાલકોને છુટો દોર : અનેક નાના-મોટા અકસ્માત છતાં તંત્ર ઘોર નિંદ્રામાં : ઘણા ટ્રક ચાલકો રાત્રે રેસ લગાવે છે

પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ટ્રકચાલકો રાત્રીના આઠ વાગ્યા પછી એપ્રોચ રોડ પર ફુલસ્પીડે વાહનો હંકારી આવતા-જતાં નાના-મોટા તમામ શહેરી વાહનચાલકો અને રાહદારીઓ માટે ભયનો માહોલ ખડો કરી રહ્યા છે. આ એપ્રોચ રોડ પર સ્પીડ બ્રેકરના અભાવે આ ટ્રકચાલકોને છુટો દોર મળી જાય છે. જેના કારણે આ વિસ્તારના રહીશોમા ચિંતાનું મોજુ ફરી વળ્યું છે.

પ્રાંતિજ હાઈવે પરના ત્રણ રસ્તાથી ભાંખરીયા બસ સ્ટેન્ડ સુધીના એપ્રોચ રોડ તેમજ રેલવે સ્ટેશન સુધીના સમગ્ર પ્રાંતિજ-હરસોલ રોડ પરથી કપચી, રેતી અને પત્થરની હેરાફેરી કરતા લોડીંગ વ્હીકલ્સ જેવા કે ટ્રક અને ટર્બો ટ્રક વગેરેના ચાલકો વહેલા પહોંચવાની કે વધુ ફેરા કરવાની લ્હાયમાં રાત્રીના આઠ વાગ્યા પછી અહીં બેફામ ગતિએ શહેરી વિસ્તારમાં તેમના વાહનો હંકારે છે. ઘણા ચાલકો તો એકબીજા સાથે શરતો લગાડી રેસ લગાવે છે. જેના કારણે અનેકવાર આ વિસ્તારમાં નાના-મોટા અકસ્માતો પણ સર્જાવા પામ્યા છે. પરંતુ તંત્રના પેટનું પાણી હલતુ નથી.

અધુરામાં પુરૂ આ શહેરી રહેણાંક વિસ્તાર હોવા છતાં આ રસ્તા પર કોઈ જ સ્પીડ બ્રેકર બમ્પ મુકવામાં આવ્યા નથી. જેથી આ વાહનચાલકોને બેફામ ગતિએ વાહન હંકારવાનો છુટો દોર મળી જાય છે. જેના કારણે આ વિસ્તારના રહીશો કે જેઓ કાર સ્કૂટર અથવા બાઈક દ્વારા અહીંથી પસાર થતા હોય ત્યારે ભારે હાલાકી ભોગવી રહ્યા છે. આ વાહનચાલકોમાં મહિલાઓ અને યુવાનો તેમજ સાઈકલ સવાર બાળકોનો પણ સમાવેશ થાય છે તેમજ રાહદારીઓ જેમાં વરીષ્ઠ નાગરિકો પણ હોય છે. તેમને માટે મુશ્કેલી ઉભી થઈ રહી છે.

તાજેતરમાં જ એક ટ્રક અને ટર્બો એક મકાનમાં તેમજ અન્ય એક ટ્રક એક શો મીલમાં ઘુસી જવાના બનાવો બન્યા હોવા છતાં તંત્ર ઘોર નીંદ્રામાં હોય તેમ કોઈ જ પગલા લેવાયા નથી. આ વિસ્તારના રહીશો વતી ઉંમગભાઈ મોદી, અમિતભાઈ કિમતાણી, મોરલીભાઈ ખમાર અને રવિભાઈ કહાર દ્વારા સત્વરે આ રસ્તે સ્પીડબ્રેકર બનાવવા અને રાત્રી વોચ રાખી બેફામ ગતિઓ જોખમીરીતે વાહન હંકારતા ચાલકોને ઝડપી દંડનાત્મક પગલા લેવા માંગ કરી છે.

સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેકટરશ્રી બંછાનિધિ પાનીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. બેઠકમાં ખેડબ્રહ્મા વિસ્તારના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલ દ્વારા રજુ થયેલ દૂધ સંજીવની યોજના, વાઈ-ફાઈ કનેકટીવીટી, બી.આર.જી. એફ.ના જુના બાકી રહેલ કામોનો નવિન આયોજનોમાં સમાવેશ કરી પૂર્ણ કરવા, ખેતીવાડી યોજનાકીય લાભો આદિજાતિ વિસ્તારના ખેડૂતોને અગ્રતા આપવા, શિક્ષકોની ઘટ પુરવા, રસ્તાના કામો, નિરાધાર પેન્શનના કેસો, થેલેસેમીયા સેન્ટર ઉભું કરવા, ટી.બી.ના દર્દીઓને મળતી સારવાર જેવા -શ્નોની વિગતવાર ચર્ચા કરી આ -શ્નો તાકીદે ઉકેલવા સબંધિત અધિકારીઓને જિલ્લા કલેકટર દ્વારા સૂચવાયું હતું.

ત્યારબાદ સાંસદના ગત બેઠકના બાકી -શ્નોની ચર્ચા કરી સબંધિત અધિકારીઓને નિકાલ કરવા અનુરોધ કર્યો હતો. બેઠકના બીજા તબ્બકામાં વિજયનગર તાલુકાના કોડિયાવાડા ગામે સ્વશ્રી જિજ્ઞેશ પટેલ શહિદ જવાનના નામે શાળા નામકરણ કરવા ઠરાવવામાં આવ્યું હતું. અને સાબરકાંઠા સ્વચ્છતા મિશન અભિયાન, -ધાનમંત્રી જનધન યોજના, કચેરીમાં પડી રહેલ જુના વાહનો, ફર્નિચર અને પસ્તીનો નિકાલ કરવા તેમજ સર્વશિક્ષા અભિયાન અંતર્ગત બાળ મજુરી અટકાવી બાળમજુરોને શાળા સુધી પહોંચાડવા તમામ અમલીકરણ અધિકારીઓને ફરજ -ત્યે દાયિત્વ રાખવા અનુરોધ કર્યો હતો. આગામી માસથી સંકલન બેઠકના દિવસે સવારે ૮-૦૦ કલાકે હિંમતનગર નગરપાલિકા વિસ્તાર અને આજુબાજુના ગામોમાં અમલીકરણા અધિકારીઓ દ્વારા સ્વચ્છતા મિશનમાં જોડાઈ અભિયાન હાથ ધરવા જિલ્લા કલેકટરએ જણાવ્યું હતું.

શરૂઆતમાં અધિક કલેકટર ધાનાણીએ સૌની આવકાર્યા હતા. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન, જિલ્લા પોલીસ વડા -વિણ માલ તેમજ અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

મોડાસાની રત્નદીપ સોસાયટીની ખુલ્લી જમીનમાં અજાણ્યા વેપારીઓનું ગેરકાયદેસર દબાણ

માલપુર રોડ પર આવેલી આ સોસાયટીના જ એક સભ્ય દ્વારા દબાણ કરાવડાવી ભાડુ વસુલાય છે : સોસાયટી દ્વારા જિલ્લા મેજિસ્ટ્રેટ, કલેક્ટર અને અન્ય અધિકારીઓ સમક્ષ દબાણ હટાવવા રાવ

મોડાસા, તા. ૧૮

મોડાસાના માલપુર રોડ પર આવેલ રત્નદીપ સોસાયટીના રહીશો દ્વારા તેમની જ સોસાયટીના એક રહીશે સોસાયટીની ખુલ્લી જમીનમાં અજાણ્યા વેપારીઓને ગેરકાયદેસર રીતે દબાણ કરવા ભાડે આપી હોવાની ફરિયાદ જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેક્ટર સમક્ષ કરીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.

રત્નદીપ હાઉસીંગ કો.ઓ. સોસાયટીના રહીશો વતી ચેરમેન દ્વારા કરાયેલી ફરિયાદ મુજબ સોસાયટીના સભ્ય ઘનશ્યામભાઈ અંબાલાલ ઉપાધ્યાય દ્વારા સોસાયટીની બાંધકામ સિવાયની ખુલ્લી જમીન પર બહારના રાજ્યના અજાણ્યા વેપારી ઈસમો જેવા કે કપડાના ઢગલાવાળા, પાણીપુરીવાળા, ફૂટની લારીઓ વાળા વગેરેને ગેરકાયદેસર રીતે દબાણ કરાવી સોસાયટીના માલિકીની ખુલ્લા જમીનનું માસિક ભાડુ ઉઘરાવી રહ્યાં છે. આ અજાણ્યા ઈસમો દિવસે વેપાર કરે છે અને રાત્રે ચોરીઓ કરે તેવી સોસાયટીના સભ્યોને શંકા પણ હોવાના આધારે આ બાબતે ઉગ્ર વિરોધ નોંધાવતા આ બિનઅધિકૃત શખ્સોને સોસાયટીની માલિકીની ખુલ્લી જમીનમાંથી હાંકી કાઢવા અરવલ્લી જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેક્ટર સમક્ષ લેખિત ફરિયાદ કરવામાં આવી છે. આ ફરિયાદની નકલ જિલ્લા પોલીસ અધિકારી, મામલતદાર તેમજ મોડાસા નગરપાલિકાના પ્રમુખને પણ મોકલવામાં આવી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦